અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.

ફોજદારી કેસ નં.૫૨૭૩૯/૨૦૨૨.
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– અરબાજ સિરાજમીયા શેખ,
રહે.ઘ.નં.૦૧, તવક્કલ સોસાયટી, જુહાપુરા, અમદાવાદ.

**ગુન્હોઃજી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબ**

// હુ ક મ //

(૧) આ કામનાં હાલનાં આરોપી વિરૂધ્ધમાં જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબનો ગુનો દાખલ થયેલ છે. આ આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આરોપીએ **તારીખઃ–૧૬/૦૪/૨૦૨૨**નાં રોજ પોલીસ કમિશ્નરનાં જાહેરનામાનો ભંગ કરેલ છે. આથી આરોપી સામે હાલનું જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબનાં ગુનાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે. તેને ફોજદારી કેસ રજીસ્ટરે લઇ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થઇ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે,તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસનો ઉપયોગ તેમની વિરૂધ્ધમાં પુરાવા તરીકે કરી યોગ્ય તે સજા અંગે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ છે. જેથી આરોપીને કબુલાત સ્વૈચ્છિક હોવાનુ જણાય છે. આરોપીને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતા તેમા પણ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી આરોપીને ચાર્જશીટ મુજબનાં ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે.

(૩) આરોપીને સજા બાબતે પુછતા આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. અને ગુના બદલ તેમને પસ્તાવો થાય છે. અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઇ ગુનો કરશે નહી. અગાઉ આવો ગુનો કરેલ નથી જેથી તેમના ઉપર દયા રાખવા

અરજ ગુજારે છે.

(૪) આરોપીની રજુઆત ધ્યાને લીધી, ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઇ ધ્યાને લીધી. તે હકીકત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે અને અગાઉ આવા પ્રકારનો કોઇ ગુનો કરેલ નથી અને ગુના બદલ આરોપી પસ્તાવો વ્યક્ત કરે છે. આમ, આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

આરોપીને જી.પી.એક્ટની કલમ–૧૩૧ નાં ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર એક્ટની કલમ–૨૫૨ અન્વયે સજામાં રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો) પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિવસ–૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૬/૦૬/૨૨

(એસ.જી.ડોડીયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ.
જી.જે.૦૦૯૦૨